માનનીય ધારાસભ્યશ્રીનું ગુજરાત ગુડ્ઝ એન્ડ સર્વિસિસ ટેક્સ એક્ટ, ૨૦૧૭ ના સુધારા પર વક્તવ્ય: ( શ્રીમતી રીવાબા જાડેજા )

માન.નાણા મંત્રીશ્રી **ગુજરાત ગુડ્ઝ એન્ડ સર્વિસિસ ટેક્સ એક્ટ, ૨૦૧૭ ના સુધારા વિધેયક સન્માનનીય ગૃહ સમક્ષ લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરૂ છું.**

જીએસટી કાયદા ને અમલીકરણ થયે આજે ૭ વર્ષથી વધારે સમય થયેલ છે. જીએસટી કાયદાના અમલીકરણ દરમિયાન સરકારી આવકમા વધારાની સાથે નાના તેમજ મધ્યમ વર્ગની પાયાની જરુરિયાતનો પણ ખ્યાલ રાખવામા આવ્યો છે.

GSTના અમલથી સમગ્ર ભારતમાં કર માળખાનું એકીકરણ કરવામાં આવેલ છે, ભારત દેશના વિભિન્ન રાજ્યો અને કેન્દ્રના વિવિધ ૧૭ કાયદાઓ GST હેઠળ એક કરમાં સમાવિષ્ટ કરવામાં આવ્યા છે. આનાથી આર્થિક એકીકરણને પ્રોત્સાહન મળે છે, કારણ કે માલ અને સેવાઓ પર હવે સમગ્ર દેશમાં એકસમાન કર લાદવામાં આવે છે. GST ના અમલીકરણથી નાના-મોટા તમામ વેપારી તેમજ ઉદ્યોગકારોને વધુ સવલત મળેલ છે. જેવી કે:

વેરાશાખ: આ કાયદો અમલમાં આવવાથી સમગ્ર દેશના કોઇપણ ખૂણેથી ખરીદી કરે તેની વેરાશાખ મળી શકે છે. જેથી ચીજ-વસ્તુની કિંમતમાં ઘટાડો થયેલ છે. તેમજ અગાઉના જુદા-જુદા કાયદા હેઠળ લેવામાં આવતા વેરાના દરની સરખામણીએ GST કાયદા હેઠળ વેરાનું ભારણ ઘટ્યુ છે.

પારદર્શિતા: GSTN સિસ્ટમ અમલમાં આવતા કોઇપણ કરદાતાને ઘરેબેઠા નોંધણી, પત્રક, રીફંડ જેવી દરેક સુવિધા ઓનલાઇન ઉપલબ્ધ થયેલ છે.

# GST ના ફાયદાઓ

# ONE NATION

# ONE TAX

# ONE MARKET

## 1. એક કર સિસ્ટમ

ભારતીય કર સમૂહમાંથી કરના બંડલને દૂર કરવું એ જીએસટીની શરૂઆતના મુખ્ય કારણોમાંથી એક હતું. અગાઉ, ભારતીયોને વેટ, સેવા કર વગેરે જેવા બહુવિધ અપ્રત્યક્ષ કરના ભારને વહન કરવાની ફરજ પડી હતી. જીએસટી એક સારી રીતે ડિઝાઈન કરેલ, વ્યવસ્થિત કર ફ્રેમવર્કને આગળ વધારે છે જે અનુસરવામાં સરળ અને વધુ સારા પરિણામોની ખાતરી કરે છે. જીએસટી સાથે આવેલી એકરૂપતા અધિકારીઓને કર કાયદાની છત્રી હેઠળ વધુ લોકો લાવવામાં મદદ કરે છે.

## 2. એકીકૃત બજાર

માલ અને સેવા કર એક વ્યાપક પ્રણાલીનું પોષણ કરે છે જે આર્થિક પ્રતિબંધોને દૂર કરવાનો પ્રયત્ન કરે છે. આમ, આખરે એકીકૃત બજાર માટે માર્ગ પ્રશસ્ત કરવું જે બધા માટે કામ કરે છે. વધુમાં, જીએસટી રાજ્યોમાં ઈક્વિટીને સપોર્ટ કરે છે. માલ અને સેવાઓ પર એકત્રિત કરેલી કર રકમ તમામ ભાગ લેનારા રાજ્યોમાં પૂર્વાગ્રહ વગર વિતરિત કરવામાં આવે છે.

## 3. કોઈ કેસ્કેડિંગ અસર નથી

કાસ્કેડિંગ કર એવી પરિસ્થિતિનો અર્થ છે જ્યાં સંલગ્ન પક્ષોએ સપ્લાય ચેનમાં દરેક આગામી સ્તરે ઉત્પાદનો પર કર ચૂકવવો આવશ્યક છે. દરેક ખરીદદાર તેના પર લેવામાં આવેલા પાછલા કર સહિત પ્રૉડક્ટના ખર્ચના આધારે કિંમતની ચુકવણી કરે છે. સપ્લાય ચેઇનમાં સરળ ટૅક્સ ક્રેડિટ માટે GST સેટલ કરે છે, આમ ન્યૂનતમ ટૅક્સ કૅસ્કેડિંગની ખાતરી કરે છે.

## 4. ઓછી નિયમનકારી માર્ગદર્શિકા

GST પહેલાં, કરદાતાઓએ અલગ અલગ અલગ કર ચૂકવ્યા છે. તેઓએ તેમના દ્વારા ચૂકવવામાં આવેલ દરેક કર જવાબદારી માટે વિવિધ અનુપાલન નિયમોનું પાલન કર્યું. જીએસટી એક જ વ્યવસ્થા સાથે બહુવિધ કરને બદલે છે, આમ નિયમનકારી અનુપાલનનો ભાર ઘટાડે છે. જીએસટી પ્રયત્ન હેઠળ ગ્યારહ વળતર છે. આમાંથી, ચારમાં મૂળભૂત કર શામેલ છે જે તેમના કાર્યને ધ્યાનમાં લીધા વિના, તમામ પાત્ર કરદાતાઓને લાગુ પડે છે.

③

**5. ઑનલાઈન ટ્રાન્ઝેક્શન**

GST તેના અધિકૃત ઑનલાઈન પોર્ટલ દ્વારા ડિજિટલ ટેક્સ મેનેજમેન્ટની ખાતરી કરે છે. કરદાતાઓ રજિસ્ટર કરવા, કર ચૂકવવા અને સરળતાથી રિટર્ન મેળવવા માટે વેબસાઈટની મુલાકાત લઈ શકે છે. વધુમાં, વધુ ઑનલાઈન નિર્ભરતા સાથે, સરકારે કર ફાઈલિંગ સંબંધિત લોકો પાસેથી વધુ ભાગીદારી પ્રાપ્ત કરી છે.

**6. જીએસટી અને મેક ઇન ઇન્ડિયા :** = ઉત્પાદનને વેગ

આયાત પર જીએસટી – ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ લાગુ થવાની સાથે સાથે બિનજરૂરી ખર્ચમાં ઘટાડાને લીધે ઉત્પાદનને વેગ મળે છે, જે ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ માટે કરોડરજ્જુ સમાન સાબિત થાય છે. વ્યવસાયિક ચેક પોસ્ટની નાબૂદી સાથે રાજ્યની સરહદ દ્વારા વ્યવહારની સરળતા અને માલનો મુક્ત પ્રવાહ તેનો બીજો ફાયદો છે. મનસ્વી કરવેરા પ્રણાલીને બદલીને, જીએસટી મૉડેલે ભારતીય બજારનું એકીકરણ કર્યું છે. લોજિસ્ટિક્સના ખર્ચમાં ઘટાડો, પરિવહનના ઓછા કલાકો અને નિકાસ વેરા અને રિફંડમાંથી રાહતને કારણે ઉત્પાદનને નોંધપાત્ર વેગ મળ્યો છે.

**7. ઈ- કોમર્સ ઉદ્યોગો માટે સરળ કામગીરી :**

શરૂઆતમાં, ઈ- કોમર્સ ઉદ્યોગો માટે, સરહદ પારના માલની સપ્લાય કર કાયદા હેઠળ આવતી હતી. સરહદ પાર કરવામાં આવતી ડિલિવરી ટ્રકને VAT ની ઘોષણા અને નોંધણી નંબર સાથે જરૂરી દસ્તાવેજો તૈયાર કરવા જરૂરી હતા. જરૂરી દસ્તાવેજો ન હોય તો માલ જપ્ત કરી લેવામાં આવતો. જીએસટીએ આવી બધી જટિલતાઓને નાબૂદ કરી અને સરળ લેવડ દેવડનો માર્ગ મોકળો કર્યો છે.

✓ **8. ઉચ્ચ સીમા મર્યાદા :**

જીએસટી – ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ કાઉન્સિલ (પરિષદ) એ માલના વેચાણ માટેની સીમા મર્યાદા વધારીને રૂપિયા ૪૦ લાખ કરી દેવામાં આવી છે. પૂર્વોત્તર રાજ્યો માટે છૂટની મર્યાદા ૨૦ લાખ રૂપિયા છે. તો ખાસ રાજ્યોને બાદ કરતાં તમામ રાજ્યો માટે ૨૦ લાખ છે. ૧ એપ્રિલ, ૨૦૧૯ થી કંપોઝીંગ વાર્ષિક કારોબાર સ્કિમને ૧ કરોડથી વધારીને ૧.૫ કરોડ રૂપિયા કરવામાં આવી છે. ૧.૦ કરોડથી ઓછું વાર્ષિક ટર્ન ઓવર ધરાવતાં કરદાતા આ કમ્પોઝિશન સ્કીમનો વિકલ્પ પસંદ કરી શકે છે. ઉત્તર-પૂર્વી રાજ્યો અને હિમાચલ પ્રદેશ માટે આ મર્યાદા રૂ. ૭૫ લાખ રૂપિયા છે. આ યોજના નાના કરદાતાઓને કંટાળાજનક જીએસટી ઔચારિકતાથી મુક્ત કરે છે. આ સિસ્ટમ અંતર્ગત જીએસટી –ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ ટર્ન ઓવરના નિશ્ચિત દરે ચૂકવી શકાય છે. CGST (કેન્દ્રિય ગુડ્સ અને સર્વિસિસ ટેક્સ) (સુધારા) અધિનિયમ, ૨૦૧૮ કે જે ફેબ્રુઆરી, ૨૦૧૯ થી અમલમાં મૂકવામાં આવ્યું તેના અનુસાર, આ યોજનામાં વાર્ષિક ટર્ન ઓવર અથવા ૫ લાખ રૂપિયા આ બેમાંથી જે ઊંચુ હોય તેની ૧૦ % સુધીની સેવાઓ સપ્લાય કરી શકે છે. આ યોજના અંતર્ગત, સમાન PAN નંબર હેઠળ નોંધાયેલા વિવિધ વ્યવસાયોને ધ્યાનમાં લેવામાં આવે છે. એક પછી એક અપાતી છૂટને લીધે આ પગલું નાના ઉદ્યોગો માટે ખૂબ ફાયદાકારક સાબિત થાય છે.

આ તમામ ⑧ નો GST ના

~~ફાયદો~~ ફાયદાઓ થયા

## ગુજરાત માલ અને સેવા અધિનિયમ નંબર, ૧૩ – ૨૦૨૪ ના ઉદ્દેશો અને ફાયદાઓ

**કલમ – ૨(૬૧) અને કલમ – ૨૦**

- હાલની જોગવાઇઓ મુજબ "ઈનપુટ સેવા વિતરક" હેઠળ નોંધણી નંબર લેવા અંગે વિકલ્પ હતો જેને લીધે કારદાતાઓમાં આ જોગવાઈઓના પાલન અંગે દ્વિધા રહેતી.

- વધુમાં, ISD રજીસ્ટ્રેશન ફરજિયાત ન હોવાથી અમુક કિસ્સાઓમાં જ્યાં સેવાઓ ગુજરાત રાજ્યમાં વપરાયેલ હોવા છતાં હેડ ઓફિસો અન્ય રાજ્યમાં હોય અને યોગ્ય રીતે ISD જોગવાઈઓનું પાલન ન થતાં રાજ્ય સરકારને વેરાકીય આવકમાં પણ નુકસાન થતું હતું.

- તદુપરાંત, હાલની જોગવાઈમાં કલમ 9(3) અને 9(4) હેઠળ ભરવાના Reverse Charge અંગે કોઇ ખાસ ખુલાસો ન હોય તેનું પણ સરકારને નુકસાન થતું હતું જે આ કલમમાં ફેરફાર થતાં આ જોગવાઈનો વ્યાપ વધશે. આથી અકંદરે સરકારની વેરાકીય આવક માં વધારો જોવા મળશે. કરદાતાઓ પણ વિવાદથી બચી શકશે.

- આ ફેરફાર બાદ ISD ની નોંધણી ફરજિયાત થતાં આવી સરકારી આવકનું નુકસાન ઘટશે.

- કાયદાકીય જોગવાઈ સ્પષ્ટ થતાં કરદાતાઓને પણ કાયદાકીય ગુંચમાંથી મુક્તિ મળશે જેથી લાંબા ગાળે વેરાકીય વિવદો ઘટશે અને Ease of Doing Business વધશે.

**કલમ – ૧૨૨(ક)**

- આ કલમથી ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭માં, નવી કલમ ૧૨૨ ક દાખલ કરેલ છે, જેથી કરીને, સદરહુ અધિનિયમની કલમ ૧૪૮ હેઠળ જાહેર કરેલી ખાસ કાર્યરીતિનું પાલન કરવાનું જેને ફરમાવ્યું હોય તેવા ઉત્પાદકો દ્વારા મશીનનું રજિસ્ટ્રેશન ફરજીયાત કરેલ છે.

- તમાકુ ઇન્ડસ્ટ્રીઝ માં તમાકુ ઉત્પાદકો માટે સરળ Tax Compliance માટે કલમ 148 હેઠળ Special Procedure નક્કી કરવામાં આવેલ છે જેમાં મશીનની નોંધણી, તેના પત્રકો વિગેરે. અંગે જોગવાઇઓ કરેલ છે.

- જેના કારણે મશીનની નોંધણી થતાં સરકાર દ્વારા મશીન ના સપ્રમાણ ઉત્પાદન, વેચાણ વિગેરે દર્શાવામાં આવે છે કે નહિ તે બાબત વધુ સારી રીતે ચકાસી શકશે.

- આ જોગવાઈ થી કલમ 148 ની અમલવારી વધુ સારી રીતે થશે અને અકંદરે તમાકુ ઉત્પાદન પર થતી વેરાકીય આવક વધશે.

(કલમ ૧૪૮.- આ કલમથી, સરકારને, કાઉન્સિલની ભલામણ પરથી, રજિસ્ટર થયેલી વ્યક્તિઓના અમુક વર્ગો અને આવી વ્યક્તિઓએ અનુસરવાની વિશિષ્ટ કાર્યરીતિ જાહેર કરવાની સત્તા મળે છે.)

નાના અને મધ્યમ વર્ગના પરિવારોની પાયાની જરુરિયાત એવા મકાન ની ખરીદી પર વેરાનો બોજ ન પડે તે હેતુસર ૪૫ લાખથી ઓછી કિંમત ધરાવતા એફોર્ડેબલ હાઉસ પર વેરાનો દર માત્ર ૧% કરવામા આવેલ છે. તેમજ બી.યુ.સી પરમીશન મેળવ્યા બાદ થયેલ વેચાણ પર વેરામાથી મુક્તી આપી સરકારશ્રી દ્વારા નાના માણસનુ પણ ધ્યાન રાખેલ છે.

આમ, જી.એસ.ટી. કાયદાની આ જોગવાઇથી દરેક વર્ગ ને ફાયદો થનાર હોઇ માન. નાણાંમંત્રીશ્રીએ રજુ કરેલ પ્રસ્તુત વિધેયકને હું અનુમોદન આપું છું.